Letter No: COS/0310/09/2025 Approved Date: 22-09-2025

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ

વિષય: વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સહાયની દરખાસ્ત શાળા કક્ષાએ પડતર રહેવા બાબત

સંદર્ભ: નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના Letter No: DDCW/0045/09/2025 Approved Date: 11-09-2025

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના Letter No: DDCW/0045/09/2025 Dt:11-09-2025 થી જણાવ્યા અનુસાર ધોરણ ૯-૧૦ ના વિદ્યાર્થીઓ માટે PM YASASVI Pre Matric Scholarship યોજના ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે અમલમાં છે. જે યોજના અંતર્ગત રાજય ની સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના આચાર્યશ્રીઓએ ધોરણ ૯-૧૦ ના વિદ્યાર્થીઓની ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિ પ્રપોઝલ બનાવી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની જિલ્લા કચેરીઓને મોકલવાની થાય છે. જે કર્યેથી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવણી માટે કાર્યવાહી કરવામાં આવે છે.

વિકસતી જાતિ કચેરીના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત ધોરણ ૯-૧૦ ના અંદાજિત ૩.૦૪ લાખ વિદ્યાર્થીઓની શાળા કક્ષાએથી પ્રપોઝલ બનાવી રજૂ કરવાની બાકી છે. જે મુજબના પત્રક- અ, બ, ક, ડ મોકલી આપેલ છે. જે આ સાથે સામેલ છે.

જે અન્વયે સદર પત્રકો મુજબ સંબંધિત શાળાઓના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે પ્રપોઝલ બનાવી રજૂ કરવા શાળા કક્ષાએ જરૂરી સૂચના થવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના:
- વિકસતી જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં. ૪/૩, ડૉ જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર

જા.નં:/ક-૩/૧૨૨૩૬
જિ.શિ.અધિ.કચેરી, વડોદરા
તા. ૨૩/૯/૨૫

પ્રતિ, આચાર્યશ્રી તમામ
ઉક્ત પત્ર મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

District Education Officer,
VADODARA.

નકલ રવાના:- EI/AEI શ્રી તમામ કાર્યવાહી પૂર્ણ કરવા સારુ

Signature valid
Signed by: Jayesh... Mohanbhai Patel
Deputy Dir...

File No: COS/MIS/e-file/276/2025/1420/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
...the document in Adobe Acrobat DC to verify the E-sign

Scanned with OKEN Scanner

# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં- ૦૭૯ ૨૩૨ ૫૩૨૪૫
E-Mail: dire-dcw@gujarat.gov.in


સત્યમેવ જયતે

પ્રતિ,
નિયામકશ્રી,
શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
ગાંધીનગર

**વિષય: વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતીના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ સહાયની દરખાસ્ત શાળા કક્ષાએ પડતર રહેવા બાબત**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે અત્રેની કચેરી દ્વારા ધોરણ ૯-૧૦ના વિદ્યાથીઓ માટે PM YASASVI Pre Matric Scholarship યોજના ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે અમલમાં છે. સદર યોજના અંતર્ગત રાજ્ય ની સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના આચાર્યશ્રીઓએ ધોરણ ૯-૧૦ ના વિદ્યાથીઓની ડિજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની પ્રપોઝલ બનાવી અત્રેના હસ્તકની જિલ્લા કચેરીઓને ઓનલાઈન મોકલી આપવાની હોય છે. જે પ્રપોઝલોને પછી અત્રેના હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા મંજુર કરીએ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ ચુકવવામા આવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત ધોરણ ૯-૧૦ ના અંદાજિત ૩.૦૪ લાખ વિદ્યાર્થીઓની શાળા કક્ષાએથી પ્રપોઝલ બનાવી અત્રેના હસ્તકની કચેરી મોકલવાની બાકી છે.

૧. સદર બાકી વિદ્યાર્થીઓ પૈકી આ સાથે સામેલ પત્રક-અ મુજબના ૩૦૨૯૩ વિદ્યાર્થીઓની પોર્ટલ પર એંટ્રી પુર્ણ કરેલ છે તથા તેમનો beneficiary Code પણ જનરેટ થયેલ છે પરંતુ તેમની પ્રપોઝલ બનાવી સંબધિત જિલ્લા કચેરીઓને મોકલવાની બાકી છે.

૨. પત્રક-બ મુજબના ૧,૨૪,૮૦૯ વિદ્યાર્થીઓની એન્ટ્રી પુર્ણ કરેલ છે પરંતુ વિદ્યાર્થીઓ દ્વારા આધાર નંબર - બેંક ખાતા સાથે લિંક કરાવેલ ન હોય તથા ડી.બી.ટી. પેમેન્ટ અનેબલ હોય તેવા કારણો કે આધાર નંબર - બેંક ખાતા સાથે સિડિંગ કરવા અંગેના અન્ય કારણોને લીધે તેમની પ્રપોઝલ બનતી ન હોય તો તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી સંબધિત જિલ્લા કચેરીઓને મોકલવાની બાકી છે.

૩. પત્રક-ક ના મુજબના ૧,૨૭,૪૪૧ વિદ્યાર્થીઓની પોર્ટલ પર એંટ્રી પુર્ણ કરેલ નથી. જેથી આ તમામ પ્રપોઝલ બનાવી સંબધિત જિલ્લા કચેરીઓને મોકલવાની બાકી છે.

૪. પત્રક-ડ ના ૨૧,૧૭૨ વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી તેમના જાતિનો આધાર અને આવકનો દાખલો જેવા ડોયુમેન્ટ અપલોડ કરવાના બાકી હોય તેમની પ્રપોઝલ બનાવી સંબધિત જિલ્લા કચેરીઓને મોકલવાની બાકી છે.

આમ, આ સાથે સામેલ ઉકત તમામ પત્રકો મુજબ સંબધિત શાળાઓના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ માટે પ્રપોઝલ બનાવી અત્રેના હસ્તકની જિલ્લા કચેરીઓને મોકલી આપવા આપની કક્ષાએથી જરુરી સુચના આપવા વિનંતી છે. જેથી પછાતવર્ગના આ બાકી તમામ વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૫-૨૬ ની શિષ્યવૃત્તિ સહાયની ચુકવણી કરી શકાય.

બિડાણ : વિદ્યાર્થીઓની યાદી

(વિક્રમસિંહ જાદવ)
નિયામક
વિકસતિ જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:
૧. માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં. ૫/૯, નવા સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by: VIKRAMSINH JADAV
IAS
Director

File No: DDCW/EDU/e-file/225/2025/0554/K-Branch-Education-Mino
Approved By: Director,DDCW
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Scanned with OKEN Scanner